સુવિચાર : ખોટી રકઝક ન કર, જિંદગી પર શક ન કર, એ ફરી મળશે નહીં, તું જતી આ તક ન કર - ડો. ચંદ્રકાન્ત મહેતા

**તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૮ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૫૨ | ૨૩ નવેમ્બર, ૨૦૧૫, સોમવાર ; કારતક સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- શિયાળુ સત્રમાં વટહુકમ સંબંધિત બિલ સરકારની મુખ્ય પ્રાથમિકતા
- પીએસયુ બેંકોના વડા સાથે આજે જેટલી મંત્રણા કરશે
- ઇક્વિટીમાં વધુ પેન્શન ફંડને મંજુરી આપવાની વિચારણા
- સ્પેક્ટ્રમ હરાજી આ વર્ષે નહીં થાય તેવી સંભાવના
- બિહારમાં વિધાનસભા સત્ર ૩૦મીથી શરૂ થશે
- ગુનાઓને કાબૂમાં લેવા નીતીશનો સ્પષ્ટ આદેશ
- યુપીમાં કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઝંપલાવશે
- જીએસટી બિલ મુદ્દે જેડીયુ ગુલાંટ મારવાના મૂડમાં
- સીબીટીની ૨૪ નવેમ્બરે મહત્વપૂર્ણ મિટિંગ મળશે
- ૬ કંપનીઓની માર્કેટ મૂડી ૩૧,૯૬૭ કરોડ વધી ગઈ

# રાજ્યના ૬ મહાનગરોમાં શાંતિપૂર્ણ મતદાન

**૪૭ ટકાથી વધારે મતદાન : ૫૬૮ બેઠક પર ૧૮૫૬ ઉમેદવારોના ભાવિ સીલ થયા પાટીદાર અનામત આંદોલન-અન્ય પરિબળો વચ્ચે ઓછા મતદાનની અપેક્ષા ખોટી સાબિત થઇ : ૨૦૧૦ની સરખામણીમાં તમામ જગ્યાએ વધારે મતદાન**



અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ સહિત છ મહાનગરપાલિકાની ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણરીતે એકંદરે ૪૭ટકા મતદાન નોંધાયું હતું જે ૨૦૧૦ની સરખામણીમાં વધારે હોવાની માહિતી સપાટી ઉપર આવી છે. છ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઓછું મતદાન થશે તેવી અપેક્ષાઓ ખોટી સાબિત થઈ છે. મોટાભાગની મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં વધારે મતદાન થયું છે. શાંતિપૂર્ણરીતે મતદાન પૂર્ણ થયા બાદ ૧૮૫૬ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે બીજી ડિસેમ્બરના દિવસે કોણ ક્યા બાજી મારશે તેના સસ્પેન્સનો અંત આવશે. આજે પ્રાપ્ત માહિતી મુજબ જે છ મહાનગરપાલિકામાં મતદાન યોજાયું હતું તે પૈકી અમદાવાદમાં ૪૭ટકા

● અનુસંધાન પાન-૭ પર

### ક્યાં-કેટલું મતદાન

| | | |
|---|---|---|
| અમદાવાદ | - | ૪૭ ટકા |
| વડોદરા | - | ૪૭ ટકા |
| સુરત | - | ૪૪ ટકા |
| રાજકોટ | - | ૫૦ ટકા |
| ભાવનગર | - | ૫૦ ટકા |
| જામનગર | - | ૪૭ ટકા |

### છેલ્લી બે ચૂંટણીનું મતદાનનું ચિત્ર

છ મ્યુનિસિપલ કોર્પોરેશનની છેલ્લી બે ચૂંટણીમાં મતદાનની ટકાવારી ઉપર નજર કરવામાં આવે તો જાણી શકાય છે કે, મતદાનની ટકાવારી અપેક્ષા મુજબની રહી નથી. આવી સ્થિતિમાં આ વખતે પાટીદાર અનામત આંદોલનના લીધે સ્થિતિ વણસી ગઈ હતી. જેના કારણે પહેલાથી જ ઓછા મતદાનની વાત થઈ હતી. છ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લી બે ચૂંટણીમાં મતદાનની ટકાવારી કેટલી રહી હતી તેનું ચિત્ર નીચે મુજબ છે.

| મ્યુનિ. કોર્પોરેશન | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૦૫ |
|---|---|---|
| અમદાવાદ | ૪૪.૧૨ | ૩૦.૩૯ |
| જામનગર | ૫૦.૩૫ | ૪૩.૮૦ |
| રાજકોટ | ૪૧.૦૬ | ૩૯.૭૯ |
| સુરત | ૪૨.૩૩ | ૩૯.૬૩ |
| વડોદરા | ૪૪.૪૧ | ૪૩.૯૬ |
| ભાવનગર | ૪૫.૨૫ | ૩૯.૩૦ |

ખાસ નોંધ : તમામ આંકડા મતદાનની ટકાવારીના છે

# મતદાર યાદીમાંથી લાખો નામો રદ થતાં ભારે હોબાળો

**માત્ર અમદાવાદમાંથી જ અઢી લાખ નામો કમી કરાયા હોવાના અહેવાલ : પંચના ઉદાસીન વલણથી મોટી સંખ્યામાં લોકોને મતાધિકારથી વંચિત રહેવું પડ્યું : યાદીમાં નામ હોવા છતાં તેના પર ડિલિટ સિક્કા માર્યા હોવાથી વંચિત**



અમદાવાદ, તા. ૨૨

અમદાવાદ સહિત છ મહાનગરપાલિકામાં આજે યોજાયેલી ચૂંટણી દરમિયાન મોટી સંખ્યામાં મતદારોના નામ યાદીમાંથી ગાયબ રહેતા ભારે હોબાળો રહ્યો હતો. ઘણી જગ્યાઓએ આને લઈને દેખાવો પણ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટી પણ પાછળ રહી ન હતી અને તેના કાર્યકરોએ દેખાવો કર્યા હતા. અમદાવાદ શહેરમાં કલેક્ટર ઓફિસ પર આને લઈને રજૂઆતો કરવામાં આવી હતી. શહેરના ઘણા વિસ્તારોમાં મતદાર યાદીમાંથી મતદારોના નામ કમી કરાયેલી હોવાની માહિતી મળતા તેમને મતદાનથી વંચિત રહેવાની ફરજ પડી હતી. સૂત્રોએ કહ્યું છે કે, માત્ર અમદાવાદમાં જ લાખો નામો દુર કરાયાનું જાણવા મળ્યું છે.

અમદાવાદના બહુમતી ધરાવતા વિસ્તારો ઘાટલોડિયા, નિકોલ, નરોડા, બાપુનગરમાં આખેઆખી સોસાયટીઓ ઉડી ગઈ હોવાના આક્ષેપ સાથે લોકોએ હોબાળો મચાવીને દેખાવો કર્યા હતા. રાજ્ય ઈલેકશન કમિશનર વરેશ સિન્હાએ પણ આ અંગેની વ્યાપક ફરિયાદો બાદ તાત્કાલિક અમદાવાદ કલેકટર ઓફિસ દોડી આવ્યું પડ્યું હતું. અને પરિસ્થિતિની નોંધ લીધી હતી. બીજી બાજુ કલેક્ટર કચેરીના ડેપ્યુટી ઈલેક્શન ઓફિસરે જણાવ્યું હતું કે, આ વખતે અઢી લાખ

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી પંચ સમક્ષ વિધિવતરીતે રજૂઆત

અમદાવાદ, તા. ૨૨

મોટી સંખ્યામાં મતદારોના નામ મતદાર યાદીમાંથી નિકળી જતાં આને લઈને ભારે હોબાળો જોવા મળ્યો હતો. અમદાવાદ શહેરમાંથી પણ મતદાર યાદીમાંથી લાખો નામ ડિલિટ થઈ ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આવી સ્થિતિમાં આને લઈને કોંગ્રેસે પણ હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસ પાર્ટીએ આને લઈને વિધિવતરીતે રજૂઆત પણ કરી હતી. એવી રજૂઆત પણ કરવામાં આવી છે કે, જવાબદાર અધિકારીઓ સામે પણ પગલા લેવા જોઈએ. સાથે સાથે મતદાનના અધિકારથી લોકોને વંચિત રાખવાની બાબત પણ ચિંતાજનક છે. અયોગ્ય અને બિન બંધારણીય પ્રક્રિયા દ્વારા મતદાનના અધિકારથી લોકોને

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી વ્યવસ્થામાં ખામી હોવાનો કેશુભાઈનો આક્ષેપ

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે પણ આજે મતદાધિકારનો ઉપયોગ કર્યો હતો. કેશુભાઈ પટેલ રાજકોટમાં ચૂંટણી માટેની વ્યવસ્થાને લઈને ભારે નાખુશ દેખાયા હતા. કેશુભાઈ પટેલે આ અંગે પોતાની પ્રતિક્રિયા પણ આપી હતી. બીજી બાજુ કર્ણાટકના રાજ્યપાલ બનેલા વજુભાઈ વાળાએ પણ રાજકોટમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કેશુભાઈ પટેલ ઓનલાઈન નામ ન આવતા પોતે મતદાન મથક પર મતદાન કરવા માટે પહોંચ્યા હતા. કેશુભાઈએ રાજકોટના એરપોર્ટ નજીક આવેલી સરસ્વતી વિદ્યા મંદિર સ્કુલમાં મતદાન કર્યું હતું. મતદાન કરી કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની ચૂંટણીની વ્યવસ્થા ખરાબ છે. મારુ નામ ઓનલાઈન ન આવતા રૂબરૂ આવવું પડ્યું છે. કેશુભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, મારી નાદુરસ્ત તબીયતને લઈને મે ઓનલાઈન વોટીંગમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. મારી અંગુઠાની છાપ પણ આપી હતી. છેલ્લી ઘડીએ તંત્ર દ્વારા મારૂ ઓનલાઈન રજીસ્ટ્રેશન થયું નથી તેવું જણાવતા મારે રૂબરૂ મતદાન મથક પર મતદાન કરવા આવવું પડ્યું છે. કેશુબાપાએ ચૂંટણી વ્યવસ્થાને લઈને રોષ ઠાલવ્યો હતો.





ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ

શિવાલય

ફાર્મ & પાર્ટી પ્લોટ

ક-૭ ચોકડી, વસંત વગડાની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

● ૧,૨૫,૦૦૦ Sq.ft. Loan Area ● વિશાળ પાર્કીંગની સુવિધા, ● આકર્ષક એન્ટ્રી ગેટ
● અધતન કીચન તથા વોશ એરિયા ● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● બાળકો માટે પ્લે એરિયા ● અલગ Groom અને Bridle રૂમ

મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે

બુકીંગ ચાલુ છે
● વાઘેલા ઘનશ્યામસિંહ એમ. - ૯૮૨૫૦ ૨૨૧૭૩
● વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫